


## ગોંડલમાં કડવા પટેલ સમાજના ઉપક્રમે વિજ્ઞાન જાથાનો કાર્યક્રમ

ગોંડલ કડવા પટેલ સમાજ સંચાલિત ઉમિયા પરિવાર સમિતિ ઉપક્રમે જ્ઞાતિજનો સભ્યોમાં અંધશ્રધ્ધા નિવારણનો ભારત જનવિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ધર્મમાં નાગીને દેવીની ઉપમા આપીને શોષણ કરવામાં આવે છે. તેમ જાથાએ જણાવેલ હતું. જાથાના ચેરમેનશ્રી જયંત પંડ્યાએ સંબોધનમાં રૂઢિગ્રસ્ત સમાજમાં મહિલાઓના શોષણ વિષે માહિતી આપી હતી.

## વડીલોને વંદન અભિનંદન



નટવરલાલ પુંજાલાલ ગજ્જર
(૧૯૩૯)ફોન: ૨૩૨૨૮૧૬૦

# સોનિયાએ દગાબાજ કહીને ગુજરાતનું અપમાન કર્યું છે

અમદાવાદ, તા. ૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાજપાની ચૂંટણી સભાઓમાં કોંગ્રેસની ગુજરાત વિરોધી દુશ્મનાવટ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું કે ૨૦૦૭ની ચૂંટણીમાં સોનિયા ગાંધીએ તેમને મોતનો સોદાગર કહેલો અને ગુજરાતની જનતાએ કોંગ્રેસનો સફાયો કરી દીધેલો, હવે આ ચૂંટણીમાં મને દગાબાજ કહીને ફરી ગુજરાતનું અપમાન કર્યું છે પણ છ કરોડ ગુજરાતીઓ કોંગ્રેસનું પત્તું કાપી નાંખશે. નરેન્દ્ર મોદીએ આજે એક જ દિવસમાં દક્ષિણ ગુજરાતમાં ત્રણ, સૌરાષ્ટ્રમાં પાંચ અને ઉત્તર ગુજરાતમાં બે મળી આઠ ચૂંટણી સભાઓ સંબોધવા ઝંઝાવાતી પ્રવાસ ખેડ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં આહવા, વાંસદા અને વાપીની સભાઓમાં સોનિયા ગાંધીના આદિવાસીઓને ગુમરાહ કરવાના ગપગોળાઓની સામે આક્રમક શૈલીમાં પ્રહારો કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે પીવાના પાણી, રસ્તા, વીજળી જેવી પાયાની સુવિધાઓ આપવા કોંગ્રેસે આદિવાસીઓને ટટળાવ્યા. જ્યારે અમારી સરકારે કોંગ્રેસના ચાર ટકા નળ કનેક્શન સામે ૭૬ ટકા નળ કનેક્શનો ઘરે ઘરે આપ્યા છે. ડાંગમાં રૂા. ૫૫ કરોડના ખર્ચે અંતરિયાળ ગામોમાં પાકા રસ્તા બાંધ્યા છે. ગામે ગામ વીજળી આપી છે. વિકાસ કઇ રીતે થાય અને વિકાસ કોને કહેવાય એ સોનિયાએ ગુજરાત પાસેથી શીખવાનું છે એવો વેધક કટાક્ષ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે હિન્દુસ્તાનમાં ૭૦ કરોડ દેશવાસીઓ ત્રણ દિવસ સુધી વીજળી વગર અંધકારમાં ગરકાવ થઇ ગયેલા, ત્યારે એકમાત્ર ગુજરાત વીજળીથી ઝળહળતું હતું. વિકાસના વાતોના વડા સિવાય કોંગ્રેસે જનતા સાથે છેતરપિંડી કરી છે. ભ્રષ્ટાચારમાં આખેઆખી કોંગ્રેસ બે આબરૂ છે. ત્યારે ગુજરાતને ભ્રષ્ટ કહીને સોનિયાએ ગુજરાતને બદનામ કર્યું છે. તેનો સણસણતો જવાબ જનતા આપશે જ. સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી મળે નહીં તેવી રૂકાવટો ઊભી કરનારી કોંગ્રેસ જ નર્મદા યોજનાની ગુજરાતની જનતાની આશા ઉપર પાણી ફેરવવાનું પાપ કરનારી કોંગ્રેસ છે. અમે તો નર્મદા યોજનાના ડેમ ઉપર દરવાજા મૂકવા સુધીનું કામ ૧૦ વર્ષમાં પૂરું કર્યું. ૭ હજાર ગામડા અને ૧૩૧ શહેરોને પીવાનું પાણી પહોંચાડ્યું, કોંગ્રેસે તો નહેરુજીએ ખાતમુહૂર્ત કર્યાના ૨૬-૨૬ વર્ષો સુધી ઈંટ પણ મૂકેલી ન હતી.



કોંગ્રેસના દિગ્ગજ નેતા અને જિલ્લાના અગ્રણી શંકરસિંહ વાઘેલાની જાહેર સભા પેથાપુર ખાતે કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલના સમર્થનમાં યોજાઈ હતી.

# ઘરનું ઘર યોજનાને પ્રતિસાદથી ભાજપ બેબાકળી : પાયલટ

અમદાવાદ, તા. ૮

કેન્દ્રિય કોર્પોરેટ અફેર્સ મંત્રી સચિન પાયલોટે આજે કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રજા વિકાસ દર્શન - ૨૦૧૨ના બીજા મુદ્દા અંતર્ગત જાહેર કરાયેલી મહિલાઓના નામે ઘરનું ઘરની યોજનાના સેમ્પલ હાઉસનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે હંમેશા સામાન્ય નાગરિકોના હિતોની ચિંતા કરી છે. આજે ગુજરાતની ભાજપ સરકાર ૧૧ વર્ષમાં સામાન્ય અને મધ્યમવર્ગ માટે ઘરનું ઘર આપવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઇ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યના ૮ મહાનગરો અને ૧૫૯ નગરપાલિકાઓમાં ઘરના ઘરની યોજના જાહેર થઇ. જેમાં ગુજરાતની બહેનોએ ૪૦ લાખ કરતા વધુ અરજી ફોર્મ ભરીને સંપૂર્ણ વિશ્વાય વ્યક્ત કર્યો. જેના કારણે ભાજપ બેબાકળી બની ગઇ અને તેમના ચૂંટણી ઢંઢેરામાં ૫૦ લાખ મકાનો બાંધવાની જાહેરાત કરી જે ખરેખર હાસ્યાસ્પદ છે. યુપીએ સરકાર હંમેશા સમાજસુરક્ષાની અને સમાજકલ્યાણની અનેક યોજનાઓને કાનૂની સ્વરૂપ આપ્યું છે અને તેના માટે નાણાંકીય જોગવાઇ પણ કરી છે.

કમનસીબે, ગુજરાતની ભાજપ સરકારે કેન્દ્રની યોજના લાગુ કરવામાં જોઇએ તેટલો રસ લીધો નથી. અનેક યોજનાઓમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. કેન્દ્રિય મંત્રી રાની નારાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસે રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ અન્વયે તમામ આદિવાસી ભાઇઓન તેમના જમીનના હક્કો મળે તે માટે કાયદાકીય જોગવાઇ છતાં ગુજરાત સરકાર આદિવાસી ભાઇઓને તેમના હક્ક આપવામાં નિષ્ફળ નિવડી છે.

## બદલાતા વાતાવરણને કારણે બિમારીઓનો ઉપદ્રવ વધ્યો

અમદાવાદ, તા.૮

ગ્લોબલ વોર્મિંગ સહિતની અસરોને કારણે ઋતુચક્ર છિન્ન ભિન્ન થઈ ગયું છે. જેના કારણે ગમે ત્યારે ઠંડી અને ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે. આ ઉપરાંત છેલ્લા ઘણા દિવસોથી દિવસ અને રાત્રિના તાપમાનમાં ૨૪ કલાકમાં ત્રણથી પાંચ ડિ.સે સુધીનો ફેરફાર જોવા મળી રહ્યો છે. જેના કારણે રાજ્યનાં વિવિધ શહેરોના લોકો જુદા જુદા રોગના ભોગ બન્યા છે. રાજ્યમાં નલિયામાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાયુ હતુ. આ ઉપરાંત અમદાવાદમાં પણ ઘણા દિવસોથી વાઇરલ ઈન્ફેક્શનના કેસોમાં ધરખમ વધારો થયો છે. જેનો ભોગ બાળકો બની રહ્યાં છે.

## ચૂંટણીની ચોપાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદારોને સતા રીઝવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

જિલ્લામાં નવા સીમાંકનને લઈ પ્રથમવાર સામાન્ય ચૂંટણીઓ વિધાનસભાની છે. ૨૦૦૬ની ચૂંટણી કરતાં મતદારોની સંખ્યામાં વધારો થયો છે. યુવા મતદારોની સંખ્યા પણ નિર્ણાયક છે સાથે સાથે ૪૦ થી ૫૦ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા પણ મહત્વની પુરવાર થશે.

ઉમેદવારો અને તંત્ર બંને વધુ મતદાન માટે મતદારોને બહાર લાવવાના પ્રયાસો કરનાર છે ત્યારે સ્વાભાવિક જિલ્લાના રાજકારણમાં નવા સમીકરણો રચાશે અને તે પણ પરિણામોમાં પ્રતિઘોષ થશે.

## મતદાન પ્રક્રિયાનો પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ કર્મચારીઓએ આ મતદાનમાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત ચાર વિધાનસભા મતવિસ્તારના પ્રિસાઈડીંગ ઓફિસર તેમજ અન્ય કર્મચારીઓની બીજા તબક્કાની તાલીમ દરમ્યાન યોજાયેલ મતદાનમાં ૧૨૦૦ જેટલા કર્મચારી અધિકારીઓએ મતદાન કર્યું હતું. આ તાલીમ હજુ ત્રણ દિવસ ચાલુ હોવાથી ત્રણેય દિવસ મતદાનની પ્રક્રિયા ચાલશે.

જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે ૮ હજાર જેટલા કર્મચારીઓને જુદી જુદી ફરજો પર નિયુક્ત કરવામાં આવેલા છે.

મતદાન વધુ ને વધુ મતદારો કરે તે માટે ચૂંટણીપંચે પણ તેના સર્વિસ વોટર્સની કેટેગરીમાં સુધારો કર્યો છે અને આ કર્મચારીઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સર્વિસ વોટર્સ માટે પોસ્ટલ બેલેટ રવાના કરી દેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૯૧૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ■ | ૪ |
| ૫ | | ■ | ■ | ૬ | | ૭ | |
| ૮ | | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ■ |
| ■ | ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | | | | ■ | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ■ | ૧૯ |
| ૨૦ | | ૨૧ | ■ | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | | ■ | ■ | ૨૫ | | |

### આડી ચાવી

૧. સચવાયેલું હોવું તે (૪)
૫. આગ, અગ્નિ (૨)
૬. વિદેશી (૪)
૮. હેતુ, ધ્યેય (૪)
૧૧. સ્હેજ, જરીક (૨)
૧૨. તફાવત (૩)
૧૪. શિક્ષા (૨)
૧૫. પળભર, સ્હેજવાર (૪)
૧૬. એક દરિયાઇ જીવ (૨)
૧૭. યોજન, લંબાઈનું માપ (૩)
૨૦. એક ધાન્ય (૩)
૨૨. કવચિત, નિશ્ચિત ના હોય તેવું (૩)
૨૪. એક વૃક્ષ, ઝાડ (૩)
૨૫. લોહી, રક્ત (૩)

### ઊભી ચાવી

૧. ... કરવી, સેલ્યુટ (૩)
૨. યોગ્ય (૩)
૩. અરજી, પ્રાર્થના (૩)
૪. તાજુ ના હોય તેવું (૨)
૭. જૈન મંદિર (૪)
૯. ... થવું, સફળતા મેળવવી (૩)
૧૦. દ્વાર, કમાડ (૪)
૧૩. દેવું, કર્જ (૩)
૧૫. જંજાળ (૪)
૧૬. સ્હેજ (૩)
૧૮. જગ્યાનું નિશ્ચિત સ્થાન દર્શાવતો મેપ (૩)
૧૯. નાણા બચાવવા તે, ... કરવી (૩)
૨૧. ડોશી, ઘરડી સ્ત્રી (૨)
૨૩. દાણ માગનાર વ્યક્તિ (૨)

### શબ્દાવલી ૪૯૧૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાર્વજનિક (૫) રાખ (૭) ખમચાટ (૮) ત્રિકમ (૧૦) મોચ (૧૧) કર (૧૩) આવક (૧૪) ગરગડી (૧૫) અદાવત (૧૮) દડી (૧૯) કુરકુરીયા (૨૦) બાટ

**ઊભી ચાવી :-** (૧) સાર્વત્રિક (૨) જખમ (૩) નિમ (૪) કચાશ (૬) બબુચક (૯) કરમદા (૧૦) મોવડી (૧૨) ભગત (૧૩) આગગાડી (૧૫) અદકુ (૧૬) વડકુ (૧૭) ઉચાટ (૧૮) દયા

ટચૂકડી જાહેર ખબર
ફ્લેટ વેચવાનો છે
2 BHK, મેઝનીન ફ્લોર, ટેરેસમાં બે બેડરૂમના પ્લાનીંગ સાથે, પ્લોટ નં. ૨૬૫/૩, આયુર્વેદિક દવાખાના સામે, સેક્ટર-૨૯ બી, ગાંધીનગર.
ફક્ત રજાના દિવસે
સંપર્ક
૯૪૨૮૪ ૧૯૮૧૩
૯૭૧૨૫ ૭૮૫૫૪
૯૮૭૯૫ ૨૪૧૧૨













